PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ

# કોશિશ થી કામયાબી

Since 1-8-1974

વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક

૧૫ જુલાઈ : ૨૦૨૫, અંક નં. ૧૫૧/૧૫૭



સ્વ. નલિનીબેન વી. પારેખની ચિર વિદાય

## સી.પી., બહુવિધ દિવ્યાંગતા, ઈન્ટેલેક્ચ્યુઅલ (ID) ઓટિઝમ, ન્યુરોલોજીકલ, ડિસઓર્ડર ધરાવતા દિવ્યાંગો માટે 'મેગા એસેસમેન્ટ કેમ્પ'



પેઇજ નં. પાંચ

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 July - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 20

## શ્રી શાહ ખી. લ. બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર

### ધોરણ - ૧૦માં ૧ થી ૧૦ નંબર મેળવનાર વિદ્યાર્થીઓ



બારૈયા હિરલ
77.7%



શિયાળ ભાર્ગવ
74.4%



બલર કૃષ્ણાલ
74.2%



પટોલીયા ફેન્સી
71.2%



અગ્રાવત પાર્થ
68.0%



સોલંકી વિશાલ
64.4%



રાઠોડ નાજિયા
63%



નિર્મળ હિત
60.6%



રાઠોડ ઈન્દ્રજીત
60.4%



આરદેશણા પ્રિત
59.8%

### ધોરણ - ૧૨માં ૧ થી ૧૧ નંબર મેળવનાર વિદ્યાર્થીઓ



ગોદવાણી સોનાલી
64%



પઠાણ તરાના
60%



ચોટલિયા જય
59%



લક્કડ તનુશ્રી
55%



ગાહા નિઝામ
54%



કરમુલા શકીરઅલી
53%



ગોંડલિયા સાગર
52%



ગોહિલ પ્રિન્સીબા
51%



માળી ભાવના
51%



ધારૂકટા જેનિલ
50%



રાજ્યગુરૂ કિંજલ
50%

# કોશિશથી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં-મૂંગા શાળા તસ્વીર સમાચાર.................૦૨
- INDEX....................................૦૩
- શ્રધ્ધાંજલિ....................................૦૪
- ગુજરાત સરકાર દ્વારા ચલાવાતી યોજનાઓ..........૦૪
- દિવ્યાંગો માટે મેગા અસેસમેન્ટ કેમ્પ...............૦૫
- પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ ...........................૦૫
- નટરાજ સી. પી. બાળકોની શાળા..................૦૬
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્ક્લુઝિવ સ્કૂલ ..........૦૭
- પી.એન. આર. હોસ્પિટલ........................૦૮
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ..........................૦૯
- અંબા સી. પી. હોસ્ટેલ..........................૦૯
- ટી. ટી. સી. (એમ.ડી.)..........................૧૦
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (પ્રા.વિ.).......૧૧
- શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા (ઉ.મા.)........૧૨
- શ્રીમતી પી.આર. વાઘર સાધન-સહાય વર્કશોપ......૧૨
- શ્રી શાહ ખી.લ.બહેરાં-મૂંગા શાળા લાઈબ્રેરી વિભાગ.૧૩
- 'અંકુર' મંદબુદ્ધિવાળા બાળકોની શાળા.............૧૩
- ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ (MR) ....................૧૪
- શ્રી બા. આં. ઓ. યુ. અમદાવાદ સ્પેશ્યલ બી.એડ...૧૪
- લાઈબ્રેરી........................................૧૫
- વિવિધા........................................૧૬
- ડોનેશન લિસ્ટ...................................૧૭
- 'મેગા કેમ્પ' તસ્વીરોમાં...........................૧૮
- PNR તસ્વીર સમાચાર..........................૧૯


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## મેગા એસેસમેન્ટ કેમ્પ - ૨૦૨૫

દિવ્યાંગો માટે સમયાંતરે યોજાતા 'એસેસમેન્ટ કેમ્પ'નું ખાસ મહત્વ હોય છે, જેથી તેઓની દિવ્યાંગતામાં સુધાર લાવી, તેઓનું ગુણવત્તાસભર જીવન બનાવી શકાય છે.

મિત્રો દિવ્યાંગોની આવશ્યકતા અનુસાર, વિશિષ્ટ શિક્ષણ, વિવિધ થેરાપીઓ અને સહાયક ઉપકરણોની મદદથી આ એસેસમેન્ટ કેમ્પ તેઓને ખાસ ઉપયોગી થઈ શકે છે. કેમ્પમાં જે-તે વિષયના તજજ્ઞો દિવ્યાંગોની આવશ્યકતાઓ અને ક્ષમતાઓનું મુલ્યાંકન કરીને, એમને તપાસ દ્વારા યોગ્ય સારવાર અને સમર્થન પ્રદાન કરવા માટે યોજના બનાવતા હોય છે, જેમાં આધુનિક અને યોગ્ય વિશિષ્ટ શિક્ષણ, વિવિધ થેરાપીઓ જેવી કે ઓક્યુપેશનલ, ફિઝીયો, સ્પીચથેરાપીઓના પ્લાન બનાવે છે અને દર છ મહિને તેનું યોગ્ય મુલ્યાંકન કરી નવો સુધારા યુક્ત પ્લાન બનાવે છે. આ એક નિરંતર પ્રક્રિયા એ માટે છે કે જેથી દિવ્યાંગ બાળકોનો સર્વાંગિ વિકાસ થાય અને તેઓના વાલીઓનને યોગ્ય માર્ગદર્શન મળે.

મિત્રો, મગજના લકવા (CP) ઓટિઝમ, ID, અને વિવિધ વિકલાંગતા ધરાવતા બાળકો માટે નટરાજ સી.પી. સ્કૂલ, ભાવનગર દ્વારા યોજાયેલા પાંચ દિવસીય 'મેગા એસેસમેન્ટ કેમ્પ'માં ગુજરાત અને અન્ય રાજ્યોના વિવિધ તજજ્ઞોએ ૭૭ બાળકોનું એસેસમેન્ટ કરી, જરૂરિયાત અનુસાર પ્રત્યેક બાળકોના પ્લાન બનાવી આપ્યાં છે, જેનો અમલ સંસ્થાના વિ.શિક્ષકો અને થેરાપિસ્ટો કરી રહ્યાં છે, જેના ઉમદા પરિણામો પ્રાપ્ત થશે.

આ સમગ્ર કેમ્પના સફળ આયોજન-વ્યવસ્થા માટે સી.પી. સ્કૂલના ઈ.ચાર્ય આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી અને તેમનની ટીમને ખૂબ-ખૂબ અભિનંદન....

**કિરીટ રાઠોડ**

**Education is the ability to listen to almost anything without losing your temper or your self confidence.** Robert frost


**Koshish Thi Kamyabi**
RNI No. GUJGUJ/2013/48176
Postel Reg. No. L2/36/RNP/
BVR-414/ 2022-24, Monthly

- **અંક નં. : ૧૫૧/૫૧૭**
  ૧૫ જુલાઈ - ૨૦૨૫
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭

**E-mail** : info@pnrsociety.org
klinstitute.deaf@gmail.com
**Visit us** : www.pnrsociety.org
www.klinstitutedeaf.org

- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  વંશિકા ફોર્મ્સ, ભાવનગર
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | | |
|---|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. | ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. | ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. | ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. | ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. | ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. | ૧૫૦૦ |




# નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા પ્રાર્થના સભા





સ્વ.નલિનીબેન પારેખ

PNR સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલના દિવ્યાંગ વિદ્યાર્થીઓ તથા સ્ટાફ દ્વારા તા. ૧-૭-૨૫ ના રોજ સંસ્થાના વાઈસ ચેરમેન તથા દાતા સ્વ. વામનભાઈ પારેખના ધર્મપત્ની સ્વ. નલિનીબેન વી. પારેખનું અવસાન થતા તેમને ધુન, ભજન અને બે મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. સ્વ. નલિનીબેન એક આદર્શ સન્નારી, કુટુંબપ્રેમી, ધર્મમાં અતુટ શ્રધ્ધા ધરાવનાર અને સરળ સ્વભાવના હતાં. એમના અવસાનથી કુટુંબ પર આવી પડેલ આપત્તિને ઈશ્વર સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના... ભગવાન સદગતના આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના...

# શ્રી શાહ ખી.લ. બહેરા-મૂંગા શાળા દ્વારા પ્રાર્થના સભા

પી. એન. આર સોસાયટીના વાઈસ ચેરમેન અને જાણીતા ઉદ્યોગપતિ અને દાતાશ્રી સ્વ. વામનભાઈ પારેખના ધર્મપત્નિ શ્રીમતિ નલિનીબેન પારેખનું અવસાન થતા શ્રી શાહ ખી.લ. બહેરા. મૂંગા શાળાના બાળકો અને કર્મચારીઓએ બે મિનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલી આપી હતી. માનદમંત્રી ડૉ. અશ્વિનભાઈ પંડ્યાએ પારેખ પરિવાર સાથેના અંગત જોડાણ અને સ્વ. નલિનીબેન પારેખના કોમળ અને નિર્મળ સ્વભાવ વિષે વાત કરી હતી. હાલમાં જ સ્વ.વામનભાઈ પારેખના અવસાનથી ઘરમાં ખાલીપો પડેલો, જે સ્વ. નલિનીબેન જીરવી ન શક્યા અને બહુજ ટુંકા ગાળામાં એટલે કે ફક્ત એક મહિનાના વિયોગમાં, તેઓ સ્વ. વામનભાઈ પાસે પહોંચી ગયા. પતિ-પત્નિના સંબંધો કેવા હોવા જોઈએ, તેનું ઉત્તમ ઉદાહરણ સ્વ. નલિનીબેન પૂરૂં પાડ્યું. જીવ્યાં પણ સાથે, મૃત્યુમાં પણ સાથ નિભાવ્યો. આવા ઉત્તમ જીવનમાંથી શીખ મેળવી, સૌએ કુટુંબે પ્રેમથી જીવવાની પ્રેરણા લેવી, એજ સાચી શ્રદ્ધાંજલી ગણાવી હતી.

# દિવ્યાંગો માટે ગુજરાત સરકાર દ્વારા ચલાવાતી કેટલીક યોજનાઓ

## દિવ્યાંગ ઈલેક્ટ્રિક સ્કુટર સહાય યોજના
## પાત્રતાના ધોરણો

- દિવ્યાંગની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ સુધીની હોવી જરૂરી છે.
- દિવ્યાંગતાની ટકાવારી ૪૦% કે તેથી વધુ હોવી જોઈએ.
- દિવ્યાંગ સ્ત્રી અને પુરૂષ બંનેને લાભ મળવાપાત્ર થશે.
- દિવ્યાંગ વ્યક્તિ સમાજ સુરક્ષા ખાતાનું દિવ્યાંગ ઓળખકાર્ડ ધરાવતો હોવો જોઈએ.

## દિવ્યાંગ સાધાન સહાય યોજના
## પાત્રતાના ધોરણો

- લાભાર્થી ગુજરાતના રહેવાસી હોવા જોઈએ.
- ૪૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગ વ્યક્તિઓને આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર છે.
- ૧૬ વર્ષથી નીચેની વ્યક્તિને રોજગારલક્ષી સાધનો આપી શકાશે નહીં.
- ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા માની કોઈપણ વ્યક્તિને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

# સી.પી., બહુવિધ દિવ્યાંગતા, ઈન્ટેલેકચ્યુઅલ (ID), ઓટિઝમ અને ન્યુરોલોજીકલ ડિસોર્ડર ધરાવતા દિવ્યાંગો માટે મેગા અસેસમેન્ટ કેમ્પ

તા. ૨૧ થી ૨૪ જૂન-૨૫ ના રોજ **સો હમ ફાઉન્ડેશન-યુએસ.એ.** ના સૌજન્યથી પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા **સી.પી., બહુવિધ દિવ્યાંગતા, ઈન્ટેલેકચ્યુઅલ (ID), ઓટિઝમ અને ન્યુરોલોજીકલ ડિસોર્ડર ધરાવતા દિવ્યાંગો માટે મેગા અસેસમેન્ટ કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવનગર શહેર અને ભાવનગર જિલ્લાના આસપાસના ગામડાંઓના વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ બાળકોની સમયાંતરે તપાસ, સારવાર પ્લાન સાથે વાલી માર્ગદર્શન મળી રહે અને દિવ્યાંગોના સર્વાંગી વિકાસની સફરમાં સાતત્ય જળવાઈ રહે તે હતો.

આ કેમ્પમાં ઓક્યુપેશનલ થેરાપી ટીમ-૧ માં ડો. દિપક ગંજીવાલા, ડો. બ્રિજેશ મિશ્રા, ડો. પ્રવીણ દેશમુખ, ડો. કૃણાલ મિસ્ત્રી અને ઓક્યુપેશનલ થેરાપી ટીમ-૨ માં ડો. મૃત્યુજંય મુકુંદ, ડો. કેલ્વિન પટેલ, ડો. નિલેશભાઈ મકવાણા અને ડો. સીમાબેન પરમાર દ્વારા નિદાન અને સારવારનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

સ્પિચ થેરાપી ટીમ-૧ માં ડો. અમિત મૌર્ય સાથે બીનાબેન જાની, સ્પિચ થેરાપી ટીમ-૨ માં ડો. અંબર ગુપ્તા સાથે શ્રી પૂનમબેન જાની અને સ્પિચ થેરાપી ટીમ-૩ માં ડો. અનિલ સિંઘ દ્વારા બાળકોમાં વાતચીતમાં મુશ્કેલી, વાતચીત કૌશલ્યોનો વિકાસ, સ્પિચ, ભાષા ભંડોળ, શબ્દ ભંડોળ, વાચક અવયવોનો વિકાસ વગેરેની તપાસ સાથે માર્ગદર્શન અને સારવારનો પ્લાન તૈયાર કરવામાં આવ્યો હતો.

સ્પેશ્યલ એજ્યુકેશન ટીમ-૧ માં શ્રી બીજલબેન હરખાણી સાથે શ્રી દિવ્યાબેન પટોરિયા, સ્પેશ્યલ એજ્યુકેશન ટીમ-૨ માં શ્રી જયેશભાઈ ધંધુકિયા અને શ્રી વિભૂતિબેન વ્યાસ, સ્પેશ્યલ એજ્યુકેશન ટીમ-૩ માં શ્રી જીજ્ઞાબેન સોલંકી, સ્પેશ્યલ એજ્યુકેશન ટીમ-૪ માં શ્રી પુનમબેન વાસા દ્વારા, દિવ્યાંગ બાળકોનું શૈક્ષણિક મૂલ્યાંકન સાથેનું લેવલ અને વાલી માર્ગદર્શન સાથે, બાળકોનું વિશિષ્ટ શિક્ષણ પ્લાન અને વિશિષ્ટ ટેકનિક તૈયાર કરવામાં આવી હતી. એ.ડી.એલ. ટીમમાં ક્રમશઃ શ્રી હર્ષાબેન પાડલિયા, દિપ્તીબેન રાજયગુરુ દ્વારા રોજિંદી ક્રિયાઓના માળખાને ધ્યાનમાં લઈ, તપાસ કરવામાં આવી હતી.

આ કેમ્પમાં સંસ્થાના ફાઉન્ડર શ્રી બાબાભાઈ શાહ, શ્રી ઈલાબેન શાહ, શ્રી પારસભાઈ શાહ, શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી પ્રદીપભાઈ ભટ્ટ અને શ્રી મહાસુખભાઈ જકડિયાની કેમ્પ મુલાકાતે સમગ્ર સ્ટાફમાં ઉત્સાહ પૂરો પાડયો હતો.

આ કેમ્પમાં ભાવનગર જિલ્લામાંથી સી.પી. સાથે બહુવિધ દિવ્યાંગતા ધરાવતા કુલ **૭૭** લાભાર્થીઓએ તપાસ સાથે સારવાર પ્લાન અને વાલી માર્ગદર્શન મેળવ્યું હતું.

આ કેમ્પમાં રજીસ્ટ્રેશનની કામગીરી શ્રી રૂપલબેન પારેખ અને શ્રી ગાયત્રીબેન ઝાલાએ કરી હતી. આ કેમ્પને સફળ બનાવવા શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્રી વરૂણભાઈ વ્યાસ અને સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

# પી.એન.આર. સોસાયટી, ભાવનગર ખાતે પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપ



યશ મહેતા

BKPPDMDS અને PNR સોસાયટીના સંયુકત ઉપક્રમે ચાલતા પાર્કિન્સન્સ સપોર્ટ ગ્રુપમાં તા. ૨૨ જૂનના રોજ **વિશ્વ યોગ દિવસની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં પાર્કિન્સન્સના દર્દીઓ દ્વારા **ચેર યોગાસન** કરીને યોગ દિવસની ઉજવણી કરી હતી.





# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



વિભૂતિ વ્યાસ

**ઓડિયોલોજી કેમ્પ :**

તા. ૧૭ જૂનના રોજ આઈ.બી. સરધારવાલા ઓડિયોલોજી એન્ડ સ્પિચ કિલનિકના સૌજન્યથી, નટરાજ સી.પી. સ્કૂલમાં કાનની તપાસ માટે ઓડિયોમેટ્રી અને ટીમપેનોમેટ્રી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૧ થી ૮૦ વર્ષના વય જૂથના વડીલો કે જેમને શ્રવણની ખામી, કાનની નસો સુકાવાની તકલીફો જોવા મળી હતી. જેને **સેન્સરી ન્યુરલ હિયરીંગ લોસ** કહેવાય છે. જેમાં તેની તપાસ સાથે સારવાર પ્લાન તૈયાર કરવામાં આવેલ. સાથે કાનના મશીન પણ જરૂરિયાત મુજબ ભલામણ કરવામાં આવેલ.

આ કેમ્પમાં વરસાદી માહોલ વચ્ચે ૧૨ લાભાર્થીઓએ રાહતદરે લાભ લીધેલ. આ કેમ્પનું આયોજન ડો. અંબર ગુપ્તા અને તેની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

**ટીચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ :**



તા. ૨૪ જૂનના રોજ નટરાજ સી.પી. સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ-પ્રોજેકટ, દિશા કમ વિકાસ પ્રોજેકટના વિશિષ્ટ શિક્ષકો માટે **રેમેડિયલ ટિચીંગ સ્કિલ** વિષય પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી પૂનમબેન વાસા (મુંબઈ) દ્વારા રેમેડિયલ ટિચીંગ સ્કિલને PPT તથા પ્રેકિટકલના માધ્યમથી વિસ્તૃત રીતે સમજાવી, માહિતી આપી હતી. આ આયોજન ટૂંકા સમયગાળામાં શિક્ષકોના જ્ઞાનવર્ધક માટે આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં કુલ ૧૫ શિક્ષકોએ જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું.

**આંતરરાષ્ટ્રિય યોગ દિવસની ઉજવણી :**

**વર્લ્ડ યોગા દિવસ** નિમિત્તે ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા ભાવનગર ખાતે આયોજન કરવામાં આવેલ. જેમાં PNR સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ તેમજ વિભાગોમાંથી ૨૭



બાળકો તેમજ વાલીઓ અને સ્ટાફ દ્વારા યોગા, ધ્યાન તેમજ વિવિધ આસનો કરવામાં આવ્યાં, તેમજ બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લઈ યોગા દિવસની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. PNR સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન નીચે શ્રી કાર્તિકભાઈ વ્યાસ (વિશિષ્ટ શિક્ષક) તેમજ સ્ટાફ દ્વારા યોગા દિવસની ઉજવણી સફળતાપૂર્વક કરવામાં આવી હતી. કલેક્ટરશ્રી બાળકોને મળ્યા હતાં.

**PNR સોસાયટી દ્વારા સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઈને અપાઈ ભાગપૂર્ણ શ્રદ્ધાંજલિ :**



તા. ૧૨-૬ ના રોજ પી.એન.આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ હાઈટેક ઈન્કલ્યુઝીવ સ્કૂલ અને દરેક પ્રોજેકટના લાભાર્થીઓ, સ્ટાફ તથા ટ્રસ્ટીગણની વિશાળ ઉપસ્થિતિમાં નટરાજ ઓડિટોરિયમમાં સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઈના અવસાન નિમિત્તે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નટરાજ સી.પી. સ્કૂલના આચાર્ય શ્રી જીજ્ઞાબેન સોલંકી તથા વિશિષ્ટ શિક્ષકો શ્રી જયોતિબેન પરમાર અને શ્રી માધવીબેન વાળા

દ્વારા સદગતના આત્માની શાંતિ માટે ભાવવાહી ભજન રજૂ કરવામા આવ્યાં હતાં. સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ દ્વારા સ્વ શ્રી ખુશેન્દ્રભાઈ તથા તેમના ધર્મપત્ની સ્વ. થોરુનબેનની ઉદારતા અને કરુણામય પ્રસંગોના સંસ્મરણથી ઉપસ્થિત દરેકનુ હૃદય ભરાઈ આવ્યું હતું. આપણી સંસ્થાએ એક ઉદારદિલ દાતા, સ્નેહી અને શુભ ચિંતક ગુમાવ્યાં, તેનું સૌએ દુઃખ અનુભવ્યું છે. સદગતના પરિવારને આઘાત સહન કરવાની શક્તિ આપે તે માટે શોક ઠરાવનું વાંચન સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહએ કર્યુ હતું. ત્યાર બાદ સર્વે એ બે મિનિટનુ મૌન પાળી સ્વ. શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી. કાર્યક્રમનુ સંચાલન શ્રી ખેવનાબેન ઓઝા (મદદનિશ શિક્ષક નટરાજ સી.પી. સ્કૂલ)એ કર્યુ હતુ.

- સ્વ. ભરતકુમાર વલ્લભદાસ નિમ્બાર્કના સ્મણાર્થે જાગૃતિબેન ભરતકુમાર નિમ્બાર્ક તરફથી 'નટરાજ' સી.પી. વિભાગના દિવ્યાંગ બાળકોને પીવા માટે પાણીનું કુલર ભેટ આપેલ છે.
- તા. ૧૭/૬/૨૦૨૫ના રોજ સિલ્વર બેલ્સ સ્કૂલના ધોરણ ૧૧ અને ૧૨ના સાયકોલોજી વિષયના કુલ ૨૦ વિદ્યાર્થીઓ અને ૧ સ્ટાફે નટરાજ સી.પી. સ્કૂલની વિઝિટ કરેલ હતી.




# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

**'શાળા પ્રવેશોત્સવ' :**



સ્કૂલમાં તા. ૯-૬ ના રોજ બાલમંદિર વિભાગમાં **'પ્રવેશોત્સવ'** નું આયોજન કરવામાં આવ્યું હતું. શાળામાં નાના-નાના ભૂલકાંઓને કુમકુમ તિલક કરી મોં મીઠું કરાવીને આવકારવામાં આવ્યાં હતાં. તેમજ ધો. ૧ થી ૮ ના બાળકોનું પણ સ્વાગત કરવામાં આવ્યું હતું. આખા વર્ષ દરમ્યાન તેઓ સિધ્ધિઓ મેળવે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

**'વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી' :**



સ્કૂલમાં તા. ૫-૬ ના રોજ **'વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી'** કરવામાં આવી હતી. આ દિવસ ઉજવવાનો મુખ્ય હેતુ પર્યાવરણને પ્રદુષિત થતું અટકાવવાનો છે. **પ્લાસ્ટિક મુકત ભારત** થીમ પર શાળાના દરેક શિક્ષકોએ પર્યાવરણ સુરક્ષિત રાખવા માટે, એક જાગૃત નાગરિક તરીકે પોતે પ્લાસ્ટિકનો ઉપયોગ નહીં કરે તેવી સમજ અને જયાં ત્યાં પ્લાસ્ટિકનો કચરો નહીં ફેકે તેવી પ્રતિજ્ઞા લીધી.

**નોંધ** : ઉપરોકત કાર્યક્રમોનું આયોજન શાળાના આચાર્ય શ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેનના માર્ગદર્શન નીચે, શિક્ષકગણ દ્વારા કરવામાં આવ્યું હતું.



# પી. એન. આર. હૉસ્પિટલ



મહાસુખભાઈ જકડિયા

**મે`૨૫ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૨૬ | ૦૯ - ૦૩ |
| આંખ | ૧૪૪૭ | - - ૩૧૩ |
| આંખની છારી | ૫૧ | - - - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૩૭૮ | ૧૮૧ - ૦૮ |
| ઓર્થોસ્કોપી | ૧૩ | - - - |
| ઓર્થોડેન્ટલ | ૧૮૧ | ૧૬૮ - - |
| જનરલ ઓપીડી | ૩૩૪ | - - - |
| એક્ષ-રે | ૭૪ | - |
| લેબોરેટરી | ૩૩૩ | ૧૧૭૪ (ટેસ્ટ) |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | પ્રોસિજર/ઓપરેશન સંખ્યા |
|---|---|---|
| ચામડી | ૨૩ | - |
| આંખના પડદા | ૪૯ | - |
| M. D. ફિઝીશ્યન વિભાગ | ૧૫ | - |
| **પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૦૮ | - |
| હેર ઈમ્પ્લાન્ટ | ૦૭ | - |
| પીડિયાટ્રિક ડેન્ટલ | ૦૫ | ૦૭ |

એપ્રિલ-૨૫ દરમિયાન કુલ **૩૯૨૫** દર્દીઓએ લાભ લીધો હતો.

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૬૩** લાભાર્થીઓએ **રૂા. ૧૬,૭૬૦/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૪** લાભાર્થીઓએ **રૂા. ૪,૧૭૦/-** ની સહાય મેળવેલ છે.

## વિનામૂલ્યે મોતિયાનો કેમ્પ યોજાયો




PNR હોસ્પિટલ, ભાવનગરના ઉપક્રમે સ્વ. ગિરીશભાઈ અમૃતલાલ શાહ (પૂર્વ કલેક્ટરશ્રી) ની ચતુર્થ પૂણ્યતિથિ નિમિત્તે તેમના પરિવાર તરફથી તા. ૫ જુનના રોજ મોતિ બિંદુની તપાસ તથા નેત્રમણીનો નિ:શુલ્ક કેમ્પ અને બાળકોના દાંતની નિ:શુલ્ક તપાસ માટે તેમના પરિવાર તરફથી ડોનેશન આપવામાં આવ્યું હતું. જેમાં આંખના ૬૦ દર્દીની તપાસ તથા ૨૦ દર્દી ઓપરેશન માટે પસંદ કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે યોજાયેલ કાર્યક્રમમાં શ્રી પારસભાઈ શાહ (સેક્રેટરી જનરલ) દ્વારા સ્વાગત પ્રવચન કરવામાં આવ્યું હતું. સ્વ. ગિરીશભાઈ પરિવારના શ્રી પ્રતિભાબેન શાહ અને અન્ય પરિવારના સભ્યો દ્વારા દીપ પ્રાકટ્ય કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી બાબાભાઈએ પ્રસંગોચિત ઉદ્દબોધન આપેલ. શ્રી ગિરીશભાઈ શાહ (ટ્રસ્ટીશ્રી) એ, સ્વ. ગિરીશભાઈ અમૃતલાલ શાહ સાથેના સંબંધો અને તેમની સેવાકીય પ્રવૃત્તિને બિરદાવી હતી. આ પ્રસંગે સ્વ. કેતનભાઈ જકડિયાની પણ પૂણ્યતિથિ હોવાથી તેમની ઉદારતા અને તેમનામાં રહેલા માનવીય ગુણોને યાદ કર્યા હતાં. દાંતના નિષ્ણાત ડો. હરેશભાઈ શાહએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું હતું. શ્રી નિલેશભાઈ ચલાળિયા (હોસ્પિટલ મેમ્બર) દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી. આ પ્રસંગે હોસ્પિટલ ચેરમેન શ્રી મહાસુખભાઈ જકડિયા, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફ તથા દર્દીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

✍ અમિત મિત્રા



**વોકેશનલ એક્ટિવિટી :**

પી.એન.આર. સોસાયટી સંચાલિત અને નેશનલ ટ્રસ્ટ, ન્યુ દિલ્હી દ્વારા ચલાવવામાં આવતા દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા બાળકો આર્થિક ઉપાર્જન કરતાં શીખે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. જે અંતર્ગત મે માસ દરમ્યાન બાળકોને પ્રિ-વોકેશનલ એક્ટિવિટીમાં બાળકોને **પેપરની ભૂંગળી બનાવતા, પેપર બેગ બનાવવી, દંતમંજન બનાવવાની પૂર્વ તૈયારી** કરાવવામાં આવી હતી.

**લોકલ પ્રોજેક્ટ કમિટી મિટીંગ :**



તા. ૨૦-૫ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટની મિટીંગનું આયોજન કરવામાં આવેલ, જેમાં નીચેના મુદ્દા અંગે વાલીઓને માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં સી.પી. સ્કૂલ અંતર્ગત જુન માસથી શરૂ થતા નવા સત્રથી જોડાયેલ બાળકોના **પ્રવેશ ઉત્સવ**માં ભાગ લેવા બાબત, પ્રોજેક્ટ અંતર્ગત જુન માસમાં વિદ્યાર્થીઓની **નિરામયા પોલીસી રિન્યુઅલ** થઈ આવતા **નવા કાર્ડ** આપવા, અને માર્ગદર્શન આપવાનુ, તેમજ પ્રોજેક્ટ અંતર્ગત એજયુકેશનને લગતી માહિતી આપવામાં આવી હતી.

**વિશ્વ પર્યાવરણ દિવસ**

તા. ૫-૬ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા **વિશ્વ પર્યાવરણ દિવસ**ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને બગીચામાં લઈ જઈને વૃક્ષારોપણ કરવામા આવ્યું હતું. જેમા વૃક્ષો વાવી, વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામા આવી હતી.

તા. ૧૩-૬ ના દિવસે દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને પ્લેથેરાપી માટે ગાર્ડનમા લઈ ગયા હતાં જેમાં પાસિંગ ધ બોલ, ક્રિકેટ, સોફ્ટ બોલ થ્રો વગેરે રમતો રમાડી વિદ્યાર્થીઓને પ્લેથેરાપી કરાવવામાં આવી હતી.

**વિશ્વ યોગ દિવસ**



તા. ૨૧ જુનના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટ દ્વારા **વિશ્વ યોગ દિવસ**ની ઉજવણી કરવામા આવી હતી. જેમાં ૩ થી ૧૮ વર્ષ સુધીના પ્રોજેક્ટના વિદ્યાર્થીઓને વિવિધ યોગ કરાવેલ, જેમાં સૂર્ય નમસ્કાર તથા વિવિધ યોગ કરવાથી કયા-કયા ફાયદા થાય છે ? તેની માહિતી આપવામા આવી હતી.



# અંબા સી.પી. હોસ્ટેલ

## એપ્રિલ-મે - ૨૦૨૫

✍ લાલજી પંડયા



**નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ**

**ભોજન / મિષ્ટાન**

- તા. ૧૨-૬ ના રોજ શ્રી નિકુંજ અનીલભાઈ પેઠવા ...
- તા. ૧૩-૬ ના રોજ સ્વરાજસિંહ હરદેવસિંહ પરમાર...
- તા. ૧૪-૬ ના રોજ કર્મરાજસિંહ ચુડાસમા ...
- તા. ૧૬-૬ ના રોજ શ્રી દિવ્યાબેન વોરા ...
- તા. ૧૭-૬ ના રોજ શ્રી પરેશભાઈ ખાટસુરિયા ...

- તા. ૧૮-૬ ના રોજ શ્રી હાર્દિકસિંહ જાડેજા ...
- તા. ૧૯-૬ ના રોજ શ્રી ચિરાગભાઈ શાહ ...
- તા. ૧૯-૬ ના રોજ શ્રી જયેશભાઈ પટેલ ...
- તા. ૨૧-૬ ના રોજ ડો. દીપક ગંજીવાલા ...
- તા. ૨૨-૬ ના રોજ સ્વ. ગુણવંતરાય દુલાભાઈ તન્નારાણા..
- તા. ૧૨-૬ના રોજ શ્રી નિતીનભાઈ દેસાઈ ...
- તા. ૧૪-૬ ના રોજ મિહીરભાઈ દેવલુક ...
- તા. ૧૫-૬ ના રોજ શ્રી ભાવિકભાઈ દેસાઈ ...
- તા. ૧૬-૬ ના રોજ શ્રી હેમાલીબેન વોરા ...
- તા. ૨૧-૬ ના રોજ શ્રી મેહુલભાઈ દેવલુક ...

**નાસ્તો**

- તા. ૧૧-૬ ના રોજ એક શુભેચ્છક ...



- શ્રી નિતીનભાઈ દેસાઈ દ્વારા પોતાના જન્મદિવસ નિમિત્તે તા. ૧૨-૬ ના રોજ સી.પી. સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ અને દિશા વિકાસના બાળકોને ઈડલી સંભારનો નાસ્તો કરાવેલ તથા ગિફ્ટ આપી હતી. આ પ્રસંગે તેમની પુત્રી ડો. શ્રીમતી નૃપાબેન ઓઝા તથા સંસ્થાના માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ અને શ્રી જીજ્ઞાબેન સોલંકી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ગૃહપતિ શ્રી લાલજીભાઈ પંડયાએ જહેમત ઉઠાવી હતી.
- સ્વ. ગુણવંતરાય દુલાભાઈ તન્નારાણાની પૂણ્યતિથિ નિમિત્તે સંસ્થાના કાર્યકર શ્રી એ.જી. તન્નારાણા સાહેબ (પૂર્વ C.E., GEB) તથા તેમના પરિવાર દ્વારા તા. ૨૨-૬ ના રોજ હોસ્ટેલના બાળકોને બપોરનું મિષ્ટાન સાથે ભોજન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંસ્થાના માનદ મંત્રીશ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, ટ્રસ્ટી શ્રી પ્રદીપભાઈ ભટ્ટ પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. સંસ્થાના ગૃહપતિ શ્રી લાલાજીભાઈ પંડયાએ જહેમત ઉઠાવી હતી.
- તા. ૨૧-૬ ના રોજ સ્પોર્ટસ કોમ્લેક્ષ ખાતે **વિશ્વ યોગ દિવસ**ની ઉજવણીમાં હોસ્ટેલના બાળકોએ ભાગ લીધો હતો.

# ટી.ટી.સી. (એમ.ડી.)



**દિવ્યાબેન પટોરિયા**

પી.એન.આર. સોસાયટી સંચાલિત ટી.ટી.સી. (એમ.ડી.) કોર્સ દ્વારા તા. ૭ અને ૮/૬/૨૦૨૫ ના રોજ એક્સ્ટર્નલ એક્ઝામ (વાઈવા)નું આયોજન કરવામા આવ્યું હતું. જેમાં ડી.એસ.ઈ. (એમ.ડી.)ના પ્રથમ વર્ષના ૧૫ વિદ્યાર્થી અને ડી.એસ.ઈ. (એમ.ડી.)ના દ્વિતીય વર્ષના ૧૬ વિદ્યાર્થી એમ કુલ ૩૧ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. આ પરીક્ષામા ગુજરાત કેળવણી ટ્રસ્ટ સંસ્થાના નિષ્ણાત શ્રી લાભુભાઈ દેસાઈ તથા સંસ્થાના દિવ્યાબેન પટોરિયાએ ઈન્ટરનલ એક્ઝામિનર તરીકે સેવા આપી હતી. આ પરીક્ષામાં દરેક વિદ્યાર્થીના પ્રેક્ટિકલ કાર્યને ઝીણવટપૂર્વક તપાસવામાં આવ્યું હતું. આ પરીક્ષાનુ સંકલન કોર્સ કો-ઓર્ડીનેટર શ્રી બીનાબેન મકવાણા તથા દિવ્યાબેન પટોરિયા દ્વારા કરવામાં આવ્યું હતું.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા

**'૨૦૨૫ રાજ્યકક્ષાની ખેલ મહાકુંભ ૩.૦ એથ્લેટિક્સ સ્પર્ધામાં ભાવનગરની શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાએ મેળવ્યાં ૨૨ મેડલો.'**



ગુજરાત સરકાર અને ઓલ ગુજરાત સ્પોર્ટ્સ કાઉન્સિલ ફોર ધ ડેફ દ્વારા તા. ૩-૫ થી ૫-૫ દરમિયાન **ખેલ મહાકુંભ ૩.૦** રાજ્યકક્ષાની ભાઈઓ-બહેનો માટે અલગ-અલગ એજ ગ્રુપની એથ્લેટિક્સ સ્પર્ધાનું આયોજન અમદાવાદ (નિકોલ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ) ખાતે કરવામાં આવ્યું હતું. જેમાં શાળાના ખેલાડીઓએ ૨૨ મેડલો મેળવ્યાં હતાં. જે અંતર્ગત બારૈયા હિરલે (ધો. ૧૦) ૪૦૦ મી., ૧૦૦ મી. અને રીલે દોડમાં એમ ત્રણ ગોલ્ડ મેડલ મેળવ્યાં. વઢિયાર નિકેને (ધો. ૧૧) ઉંચી કૂદ અને લાંબી કૂદમાં ગોલ્ડ મેડલ મેળવ્યાં. ઘાસુરા સાનિયાએ (ધો. ૧૧) ગોળા, ચક્ર અને બરછી ફેંકમાં ત્રણેયમાં સિલ્વર મેડલ મેળવ્યાં. કામળિયા આરતીએ (ધો. ૧૧) ઉંચી કૂદમાં ગોલ્ડ અને લાંબી કૂદમાં બ્રોન્ઝ મેડલ, સાંખટ કાજલે (ધો. ૧૦) રિલે દોડમાં ગોલ્ડ અને ૨૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ, શિયાળ દીપિકાએ (ધો. ૯) ના ૨૦૦ મી દોડમાં સિલ્વર મેડલ અને રિલે દોડમાં બ્રોન્ઝ મેડલ, બાંભણિયા મનીષાએ (ધો. ૮) રિલે દોડમાં ગોલ્ડ મેડલ અને ૪૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ, ડોડીયા રશ્મિતાએ (ધો. ૭) લાંબી કૂદમાં ગોલ્ડ અને રિલે દોડમાં બ્રોન્ઝ મેડલ, મકવાણા દર્શિતા (ધો. ૮) ૧૦૦ મી. દોડમાં સિલ્વર મેડલ અને રિલે દોડમાં બ્રોન્ઝ મેડલ, પરમાર જાનકીએ (ધો. ૭) રિલે દોડમાં ગોલ્ડ મેડલ તથા ઝાપડિયા કિંજલ (ધો. ૯) રિલે દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવેલ છે.

આ સુંદર પ્રદર્શન સાથે ભાવનગર જિલ્લા, તેમજ શાળાનું ગૌરવ વધારવા બદલ કોચ શ્રી હિતેષભાઈ વ્યાસ, સંદિપભાઈ ગૌસ્વામી, મેનેજર શ્રી ચંદ્રિકાબેન પરમાર અને ખેલાડીઓને ટ્રસ્ટી ડો. અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહ તથા અન્ય ટ્રસ્ટીગણ, આચાર્યશ્રીઓ શૈલેષભાઈ દવે, ફાલ્ગુનીબેન ખાટસુરિયા તથા સમગ્ર શાળા પરિવારે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવેલ હતાં.

**રમત શિક્ષકની વિશિષ્ટ સિધ્ધિ**

તા. ૮-૬ ના રોજ ભાવનગર ખાતે માસ્ટર એથ્લેટિક્સ એસોસિએશન દ્વારા **માસ્ટર ડિસ્ટ્રીકટ એથ્લેટિક્સ-૨૦૨૫**નું આયોજન, ભાવનગર ખાતે કરવામાં આવેલ. જેમાં ૩૦ થી ૯૦ સુધીના દરેક વય જૂથના ખેલાડીઓએ ભાગ લીધેલ. જેમાં ૩ કિ. મી. રન, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ગોળા ફેંક, ચક્ર ફેંક, બરછી ફેંક વગેરે રમતોનું આયોજન કરવામાં આવેલ. આ સ્પર્ધામાં શાળાના રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગૌસ્વામીએ ૧૦૦ મી. દોડ, ૨૦૦ મી. દોડ અને લાંબી કૂદમાં ભાગ લીધેલ. જેમાં ૨૦૦ મી. દોડ અને લાંબી કૂદ બંને રમતમાં સિલ્વર મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ. તેમની આ સિધ્ધિ બદલ સંસ્થા પરિવારે શુભેચ્છા પાઠવી હતી.



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)



**શ્રધ્ધાંજલિ :**



પ્રાથમિક શાળામાં અમદાવાદ ખાતે થયેલ દર્દનાક વિમાન દુર્ઘટનાના સંદર્ભે સંસ્થાના ઓડિટોરિયમમાં ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓને વિશેષ માહિતી આપી અને મૃતકોના આત્માની શાંતિ માટે બે મિનીટ મૌન પાળી શ્રધ્ધાંજલિ પાઠવી હતી.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

✍ જ્યોતિ ભટ્ટી



**"અભિનંદન..." ધો. ૧૦ અને ધો. ૧૨ નું ઝળહળતું પરિણામ**

જ્ઞાન પ્રાપ્તિ માટે શ્રવણેન્દ્રિય એ મુખ્ય ઈન્દ્રિય છે. જયારે જેણે જન્મથી જ કશું સાંભળ્યું નથી, તેવા શ્રવણમંદ વિદ્યાર્થીઓએ સમધારણ વિદ્યાર્થીઓ સાથે જ ધો. ૧૦ અને ધો. ૧૨ ની બોર્ડની પરીક્ષામાં ઝળહળતુ પરિણામ લાવી, શ્રી ખી. લ. બહેરાં-મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાને ગૌરવ અપાવ્યું છે. દરેક વિદ્યાર્થીઓને ખૂબ-ખૂબ અભિનંદન.

વર્ષ ૨૦૨૪-૨૫ માં ધો. ૧૦ માં કુલ ૩૫ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ હતી. જેમાંથી ૩૪ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. શાળાનું પરિણામ ૯૮% આવેલ છે. જયારે ધો. ૧૨ માં કુલ ૩૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપેલ હતી. જેમાંથી ૧૦૦% ની જવલંત સફળતા સાથે ૩૪ વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. ધો. ૧૨ કોમર્સનું પરિણામ પણ શ્રેષ્ઠતમ આવેલ છે અને શાળાનું પરિણામ ૧૦૦% આવેલ છે. શાળાના દરેક હોદ્દેદારોએ તથા તમામ કર્મચારીગણે સર્વેને અભિનંદન પાઠવેલ છે. ધો. ૧૦ અને ધો. ૧૨ માં પ્રથમ ૧૦ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું પરિણામ નીચે મુજબ છે.

**ધો. ૧૦ માં ૧ થી ૧૦ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૨૦૨૪-૨૫**

| નંબર | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | બારૈયા હિરલબેન વિક્રમભાઈ | ૭૭.૭% |
| ૨. | શિયાળ ભાર્ગવ રવજીભાઈ | ૭૪.૪% |
| ૩. | બલર કૃષ્ણલ મુકેશભાઈ | ૭૪.૨% |
| ૪. | પટોળિયા ફેન્સીબેન સંજયકુમાર | ૭૧.૨% |
| ૫. | અગ્રાવત પાર્થ સંજયભાઈ | ૬૮% |
| ૬. | સોલંકી વિશાલ રવજીભાઈ | ૬૪.૪% |
| ૭. | રાઠોડ નાજીયા યુનુસભાઈ | ૬૩% |
| ૮. | નિર્મળ હીત કનૈયાલાલ | ૬૦.૬% |
| ૯. | રાઠોડ ઈન્દ્રજીતસિંહ નીરુભાઈ | ૬૦.૪% |
| ૧૦. | આરદેશણા પ્રિત જીગ્નેશભાઈ | ૫૯.૮% |

**ધો. ૧૨ માં ૧ થી ૧૧ નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું વાર્ષિક પરીક્ષાનું પરિણામ ૨૦૨૪-૨૫**

| નંબર | વિદ્યાર્થીનું નામ | ટકા |
|---|---|---|
| ૧. | ગોદવાણી સોનાલી રમેશભાઈ | ૬૪% |
| ૨. | પઠાણ તરાના આરીફભાઈ | ૬૦% |
| ૩. | ચોટલિયા જય અજયભાઈ | ૫૯% |
| ૪. | લક્કડ તનુશ્રી જીતુભાઈ | ૫૫% |
| ૫. | ગાહા નિઝામ જાનીભાઈ | ૫૪% |
| ૬. | કરમુલ્લા સાકીરઅલી બાકરઅલી | ૫૩% |
| ૭. | ગોંડલિયા સાગર જયસુખભાઈ | ૫૨% |
| ૮. | ગોહિલ પ્રિન્સીબા કનકસિંહ | ૫૧% |
| ૯. | માળી ભાવનાબેન ગણેશજી | ૫૧% |
| ૧૦. | ઘાસકટા જેનીલ રમેશભાઈ | ૫૦% |
| ૧૧. | રાજયગુરૂ કિંજલ ગિરીશભાઈ | ૫૦% |



# શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ

✍ અશ્વિનભાઈ પંડ્યા (ચેરમેન)



મે માસમાં ભાવનગરમાં સ્થાનિક કક્ષાએ કુલ ૧૦૯ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાં લાભાર્થીઓને આશરે ૧૨૬ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, અડધા પગ-૧, ઓર્થોશુઝ-૨, ની-બ્રેસ-૩૧, હેન્ડ સ્પીલન્ટ-૧, અન્ય-૭૪, કેલિપર-૭, એ.એફ.ઓ.-૬, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૪ એમ કુલ ૧૨૬ સાધનો આપવામાં આવ્યાં હતાં.

મે માસમાં રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા સુરેન્દ્રનગર મુકામે કૃત્રિમ પગનો એક કેમ્પ યોજાયેલ. આ કેમ્પમાં સંસ્થાના પી. એન્ડ ઓ. ડો. રવિ વાટલિયા દ્વારા કુલ ૫૨ દર્દીઓને તપાસીને કુલ ૫૩ સાધનો જેવા કે આખા પગ-૧૫, અડધા પગ-૩૪, અન્ય ૪ સાધનો ફિટીંગ કરી આપવામાં આવ્યાં હતાં.

# શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળા
## લાઈબ્રેરી વિભાગ



✍ ઝરણા ત્રિવેદી (લાઈબ્રેરીયન)

**લાઈબ્રેરીમાં ભેટ મળેલ પુસ્તકો :**

| પુસ્તકનુંનામ | લેખક |
|---|---|
| પ્રેમની ઉજવણી | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| બે ડગલાં બુધ્ધત્વ તરફ | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| મૌનની ઉજવણી | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| અષ્ટવક્ર ગીતા | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| શિવ સૂત્ર | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| પતંજલિ યોગ સૂત્ર | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| સત્સંગ | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| ગુરૂદેવ | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |
| પ્રેમ મૂર્તિ સદગુરૂ | પરમ પૂ. શ્રી શ્રી રવિશંકરજી |



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા

# 'અંકુર' મંદબુધ્ધિવાળા બાળકોની શાળા



✍ નેહલ ગઢવી

**કલેક્ટરશ્રીની મુલાકાત :**



તા. ૧૬-૫ ના રોજ ભાવનગરના નવનિયુકત કલેકટર શ્રી મનિષકુમાર બંસલે સહ પરિવાર શાળાની શુભેચ્છા મુલાકાત લઈ, શાળાના વિવિધ વિભાગો અંગે માહિતી મેળવી હતી. આ મુલાકાત દરમ્યાન સંસ્થાના પ્રમુખ શ્રી વિનુભાઈ હકાણી, માનદ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા, શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ, ટ્રસ્ટી શ્રી પારસભાઈ શાહ, વોકેશનલ વિભાગના હેડ શ્રી નેહલબેન ગઢવી જોડાયાં હતાં.

**પ્રાર્થના સભા :**

સંસ્થાના શુભેચ્છક દાતાશ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈનું અવસાન થતાં સદ્ગતના આત્માને શાંતિ અર્થે શાળામાં તા. ૧૪-૬ ના રોજ એક **પ્રાર્થના સભા**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડો. ભાવનાબેન અંધારિયા, શ્રી રેશ્માબેન શાહ, શ્રી ક્રિષ્નાબેન રૂપેરા દ્વારા ભજનો રજૂ કરવામાં આવ્યાં હતાં તેમજ માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે સંસ્થા સાથેના સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઈના




સંસ્મરણો વાગોળ્યાં હતાં. તેમના દ્વારા સંસ્થાને મળેલ અનુદાન અંગે વાત કરી હતી. આ પ્રાર્થના સભામાં શ્રી ડી. જે. ધંધુકિયા, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ, આચાર્ય શ્રી મેઘજીખાન સાયબાણી, શિક્ષકો, ટ્રેઈનિંગ કોલેજના તાલીમાર્થીઓ, બાળકો જોડાયાં હતાં. કાર્યક્રમનું સંકલન આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણી અને સંચાલન ડો. ભાવનાબેન અંધારિયાએ કર્યું હતું.

**નવા સત્રનો પ્રારંભ :**

તા. ૫-૬ થી તા. ૮-૬ દરમ્યાન ૩૫ દિવસના ઉનાળા વેકેશન બાદ તા. ૯-૬ ને સોમવારથી શાળાનું કેમ્પસ બાળકોના કિલ્લોલથી ફરી ગુંજતું થયું છે અને નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬નો પ્રારંભ થયો હતો.



# સ્વ. શ્રી શશીકાંતભાઈ સાકરલાલ વેલાણી
# ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજ ફોર સ્પેશ્યલ એજ્યુકેશન (મેન્ટલ રિટાર્ડેશન)

✍ ભાવિકા કામદાર

**વાઈવા / ફાઈનલ પ્રેક્ટિકલ પરીક્ષા :**

ટીચર્સ ટ્રેઈનિંગ કોલેજના બીજા વર્ષના (વર્ષ : ૨૦૨૩-૨૫) ની બેચના તાલીમાર્થીઓની વાઈવા / ફાઈનલ પ્રેક્ટિકલ પરીક્ષા તા. ૨૯/૩૦ એપ્રિલ-૨૦૨૫ દરમ્યાન યોજાયેલ. જેમાં એક્ષ્ટર્નલ એકઝામિનર તરીકે શ્રી પ્રિયંકાબેન ચૌહાણ (CRC અમદાવાદ) ઉપસ્થિત રહ્યાં હતાં તથા ઈન્ટરનલ એકઝામિનર તરીકે કો-ઓર્ડિનેટર ડો. ભાવિકાબેન કામદારે ફરજ નિભાવી હતી.





# શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી - અમદાવાદ
# સ્પેશ્યલ બી.એડ. - (HI)

✍ વર્ષાબેન ચૌહાણ

**કોન્ટેક્ટ પ્રોગ્રામ :**



શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી માન્ય, સ્પેશ્યલ બી. એડ. (HI) ના વર્ષ ડિસેમ્બર-૨૦૨૪ માં થયેલ એડમિશનની કુલ એક બેચનો કોન્ટેક્ટ પ્રોગ્રામ તા. ૧૧-૫ થી તા. ૨૨-૫ દરમ્યાન નટરાજ કોલેજ સેન્ટર, ભાવનગર ખાતે યોજાયેલ.

વર્ષ જાન્યુઆરી ૨૦૨૫ થી જૂન / જૂલાઈ - ૨૦૨૭ સુધીમાં તાલીમાર્થીઓની સંખ્યા કુલ ૩૯ છે.

આ કોન્ટેક્ટ પ્રોગ્રામમાં તાલીમાર્થીઓને જુદા-જુદા વિષયો પર નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવેલ. જેમાં થીયરી અને પ્રેક્ટિકલના વિષયોથી માહિતગાર કરવામાં આવેલ.

આ કોન્ટેક્ટ પ્રોગ્રામ દરમ્યાન તા. ૨૦-૫ ના રોજ શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, ભાવનગર પ્રાદેશિક કેન્દ્રના ડિરેક્ટર ડો. શિલ્પાબેન રાજયગુરૂ, આસિસ્ટન્ટ રિજનલ ડિરેક્ટર શ્રી વૈભવભાઈ મેહતા અને આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. ધર્મેન્દ્રસિંહ ગોહિલ દ્વારા સેન્ટરની મુલાકાત કરવામાં આવેલ અને તાલીમાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યું હતું.

- તા. ૨૧-૫ ના રોજ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. અમીબેન ઉપાધ્યાય, ભાવનગર પ્રાદેશિક કેન્દ્ર પર મુલાકાત માટે આવેલ અને ભાવનગર જિલ્લાના તમામ અભ્યાસ કેન્દ્રના સંયોજકશ્રીઓ સાથે બેઠક કરેલ. તેમાં નટરાજ કોલેજ સેન્ટર તરફથી કેન્દ્ર સંયોજક શ્રી વર્ષાબેન ચૌહાણે આ બેઠકમાં હાજર રહેલ.
- આ કોન્ટેક્ટ પ્રોગ્રામ દરમ્યાન તાલીમાર્થીઓ માટે એક દિવસીય પિકનિકનું આયોજન હાથબ ખાતે કરવામાં આવેલ.

કોન્ટેક્ટ પ્રોગ્રામ દરમ્યાન તમામ તાલીમાર્થીઓએ રસપૂર્વક હાજરી આપી હતી અને આ સાથે તા. ૨૨-૫ના રોજ સફળતાપૂર્વક આ વર્ષનો કોન્ટેક્ટ પ્રોગ્રામ પૂર્ણ થયેલ.

**ગોલ્ડ/સિલ્વર/સર્ટિફીકેટ મેળવનાર તાલીમાર્થીઓ :**

તા. ૧૪-૪ ના રોજ શ્રી બાબાસાહેબ આંબેડકર ઓપન

યુનિવર્સિટી, અમદાવાદ ખાતે યોજાયેલ દસમા પદવીદાન સમારંભમાં નટરાજ કોલેજ સેન્ટરના સ્પે. બી.એડ. ના તાલીમાર્થી શ્રી ધાંધલ્યા પ્રજ્ઞાબેન મહાસુખભાઈએ યુનિવર્સિટીમાં ૨ જો રેન્ક પ્રાપ્ત કરતા સિલ્વર મેડલ મેળવેલ છે. અભિનંદન.



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

છાયા જોષી



## મે મહિના દરમ્યાન લાઈબ્રેરીમાં નવા આવેલ પુસ્તકો

| પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|
| સૌરાષ્ટ્રની રસધાર | સૌરાષ્ટ્રના મર્મ ભાવો પ્રગટ કરતું પુસ્તક |
| પોતપોતાની પાનખર | નવલ કથા |
| તારા વિનાના શહેરમાં | નવલ કથા |
| રીચ ડેડ પુઅર ડેડ | પ્રેરક કથા |
| મહામાનવ | નવલ કથા |
| ચંબલ તારો અજંપો | નવલ કથા |
| વેરના વળામણાં | નવલ કથા |
| માનસ નામે ટહુકો | નવલ કથા |
| હોમોડેયસ | આવતી કાલનો સંક્ષિપ્ત ઈતિહાસ |
| શેર લોક હોમ્સની રહસ્ય કથાઓ | રહસ્ય કથા |
| હુ ઈઝ ધ કીલર | રહસ્ય કથા |
| મર્ડર મિસ્ટ્રી | રહસ્ય કથા |
| અ મર્ડર ઈઝ એનાઉન્સડ | રહસ્ય કથા |
| ક્રાઈમ સીન્સ | રહસ્ય કથા |
| ધ સાઈલેંટ વોઈસ | રહસ્ય કથા |
| ધ સિરીયલ કીલર | રહસ્ય કથા |
| ધ બોડી ઈન ધ લાઈબ્રેરી | રહસ્ય કથા |
| આઈ વિટનેસ | રહસ્ય કથા |
| ડેથ ઓન ધ નાઈલ | રહસ્ય કથા |
| ડેડ ગેમ | રહસ્ય કથા |
| ડાર્ક સિક્રેટ્સ - ૨ | રહસ્ય કથા |
| ૫ લીટલ પીંગ્સ | રહસ્ય કથા |
| શ્રેષ્ટ ભયાનક કથાઓ | રહસ્ય કથા |

## ૩૬ વર્ષીય દિવ્યાંગ ઉદયકુમારને તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ ૨૦૨૩થી સન્માનિત કરવામાં આવ્યાં.

સરણ જિલ્લાના બણિયાપુર પ્રખંડના, બારોપુર ગામના ૩૬ વર્ષીય ઉદયકુમારએ પોતાના સાહસિક કાર્યો દ્વારા બિહાર અને દેશનું નામ ઉચું કર્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુ એ તેમને **તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ ૨૦૨૩**થી સન્માનિત કરવામાં આવ્યાં. આ પ્રતિષ્ઠિત પુરસ્કાર તેમને લેન્ડ એડવેન્ચર માટે આપવામાં આવ્યો. જાણવું આવશ્યક છે કે એક પગ ગુમાવ્યાં પછી, ઉદયકુમારને પશ્ચિમ સિક્કિમના કંચનજંગા નેશનલ પાર્કમાં આવેલા **માઉન્ટ રેનોક** પર સફળતાપૂર્વક ચઢાઈ કરી હતી (૧૬,૫૦૦ ફીટ) ત્યાં તેમણે ૭૮૦ચો. ફૂટનો ભારતીય ધ્વજ લહેરાવીને સમગ્ર બિહારે ગૌરવ પ્રાપ્ત કર્યું છે.

૨૦૧૫માં એક રેલ્વે દુર્ઘટનામાં પોતાનો એક પગ ગુમાવ્યો છતાં તેમણે હાર ન માની. સામાન્ય પગાર પર પ્રાઈવેટ નોકરી કરવા માટે તેઓએ દરેક મુશ્કેલીનો સામનો કર્યો અને અત્યાર સુધી ઉદય કુમારે ૭ ડઝનથી વધુ મેરેથોનમાં ભાગ લીધો છે. જેમાંથી ઘણીમાં તેઓ ૨૧ કિલો મીટર સુધી દોડયાં છે. તેમણે કે ૨ કે મિશન હેઠળ, ગ્રુપ કેપ્ટન જય કિશનની આગેવાનીમાં, આફ્રિકાના દેશ તાંઝાનિયાના સૌથી ઉંચા શિખર કિલિમાંઝારો (૧૯૦૪૧ ફૂટ) પર ચડાઈ સર કરી છે. બૈસાખીના સહારે આ અનોખી સિધ્ધિ મેળવવાનો તેમણે વિશ્વ રેકોર્ડ બનાવ્યો છે.

# હાથ-પગ ગુમાવ્યા બાદ એશિયાની સૌથી ઝડપી બ્લેડ રનર બની

**"મેં જીવનમાં ક્યારેય એથ્લેટિક ઈવેન્ટમાં ભાગ લેવાનું નહોતુ વિચાર્યુ, કારણ કે હું ડાન્સર હતી, કલાપ્રેમી જીવ હતી."**

**"હાથ-પગ વગર આગળનું જીવન કેવી રીતે જીવવું ? એ તેના માટે યક્ષ પ્રશ્ન હતો."**

ભારતમાં અમુક શહેર એવા છે જે, **આઈ ટી હબ** તરીકે ઓળખાય છે. એમાં બેંગ્લોરનો સમાવેશ પણ થાય છે. આ શહેર લાખો યુવાઓના સપના પૂર્ણ કરે છે અને તેમને નવા સપના પણ આપે છે. બેંગ્લોરની શાલિની સરસ્વતીએ સામાન્ય યુવક-યુવતીઓની જેમ જીવનમાં આગળ વધવાનાા સપના જોયા હતાં. તે પોતે ભારતનાટયમ ડાન્સર હતી, સાથે કોલ સેન્ટરમાં નોકરી કરતી હતી. તેણે પ્રશાંત સાથે, લગ્ન કર્યા હતાં. ૨૦૧૨માં શાલિની પતિ પ્રશાંત સાથે કંબોડિયા મેરેજ એનિવર્સિરી સેલિબ્રેટ કરવા ગઈ હતી. એ દરમિયાન તે પ્રેગ્નન્ટ હતી. લાઈફ સારી ચાલી રહી હતી. જીવનમાં એને જે જોઈતું હતું એ મળી રહ્યું હતું અને હવે માતા બનવાનું સપનું સાકાર થવાનું હતું. શાલિની અને પ્રશાંત બંને ખૂબ ખુશ હતાં. દરેક વ્યકિતની લાઈફ સીધી સરળ રીતે ચાલતી નથી, આપણે કલ્પના ન કરી હોય એવી ઘટના ઘણી વખત બની જતી હોય છે.

ફરીને પરત ફર્યાના થોડા દિવસ પછી શાલિની બીમાર પડી ગઈ. તેનો તાવ ઊતરવાનું નામ લેતો ન હોતો. અનેક ટેસ્ટના અંતે ખબર પડી કે શાલિનીને **ગંભીર બેકટેરિયલ ઈન્ફેકશન** થયું છે. આ ઈન્ફેકશનના કારણે તેના હાથ-પગ સડવા લાગ્યાં હતાં. આ પ્રકારનું બેકટેરિયલ ઈન્ફેકશન દસ હજારે એકાદ વ્યકિતને માંડ થતું હોય છે. શાલિની ઘણા દિવસ સુધી આઈસીયુમાં રહી. સારવાર દરમિયાન તેણે પોતાના બાળકને પણ ગુમાવી દીધું. તેની પોતાની બચવાની આશા પણ ફકત પાંચ ટકા જ હતી. ડોકટરોએ પણ હાર માની લીધી હતી. પરંતુ શાલિનીની જિજીવિષાએ તેને બચાવી લીધી. તેના બંને હાથ અને પગ કાપવા પડયાં.

કોઈ પણ વ્યકિત સામાન્ય જીવન જીવતું હોય અને અચાનક હાથ-પગ વગર જીવવાનું આવે તો તેને જેવો આઘાત લાગે, એવો આઘાત શાલિનીને પણ લાગ્યો. હાથ-પગ વગર આગળનું જીવન કેવી રીતે જીવવું એ તેના માટે યક્ષ પ્રશ્ન હતો. આવી પડેલા દુ:ખને પચાવીને ફરીથી બેઠાં થવાનું શાલિનીએ નક્કી કર્યુ તેણે. કૃત્રિમ પગનો ઉપયોગ કર્યો અને ચાલવાની પ્રેકિટસ કરવા લાગી.

સામાન્ય પગ સાથે ચાલવું અને કૃત્રિમ પગ સાથે ચાલવામાં બહુ મોટો તફાવત છે. તેમ છતાં નાના બાળકની જેમ તેણે 'પા પા પગલી' માંડવાનું શરૂ કર્યું. શાલિની કહે છે કે, "હું કૃત્રિમ પગ સાથે પહેલી વખત બેંગ્લોરના કાંતિરવા સ્ટેડિયમમાં ગઈ હતી. ત્યાં કોચ બી.પી. અય્યપ્પાને મળી. મારું ધ્યેય ફરીથી સામાન્ય રીતે ચાલી શકું એટલું માત્ર હતું. મેં જીવનમાં કયારેય એથ્લેટિક ઈવેન્ટમાં ભાગ લેવાનું નહોતું વિચાર્યું. કારણ કે હું ડાન્સર હતી. કલાપ્રેમી જીવ હતી."

કોચ બી.પી. અય્યપ્પાએ પહેલાં કયારેય કોઈ વિકલાંગતાને તાલીમ આપી ન હોતી. હું સામાન્ય છું એવો અહેસાસ કરાવીને પહેલા તેમણે ચાલવાનું અને પછી દોડવાનું શરૂ કરાવ્યું. હું દોડતા શીખી. ૨૦૧૬ અને ૨૦૧૭માં સતત બે વર્ષ સુધી ટીસીએસ રનમાં ભાગ લીધો. એ પછી તેમણે મને પ્રતિ સ્પર્ધા કરવાનો પ્રયત્ન કરવા કર્યું. અમે બ્લેડ સાથે દોડવા પર રિસર્ચ કર્યું. એક દોડવીર માટે શરૂઆત બહુ મહત્વપૂર્ણ હોય છે. તેથી પહેલાં-પહેલાં તો બહુ મહત્વપૂર્ણ સંઘર્ષ કરવો પડયો. અમે વિવિધ ટેકનિક અપનાવી. જેથી મને દોડવામાં સરળતા રહે. એમાં ઘણી ટેકનિકમાં અસફળતા મળી. છેવટે નવ વર્ષની મહેનત બાદ હું એશિયાઈ ગેમ્સમાં ભાગ લઈ શકી. એ દરમિયાન શાલિની ૧૦૦ મીટર સ્પ્રિન્ટ શ્રેણીમાં રાષ્ટ્રિય પેરા રમતમાં, રાષ્ટ્રિય રજતપદક વિજેતા બની. એ પછી એમાં ગોલ્ડ મેડલ જીતી હતી. ઘણા પ્રયત્નોને અંતે શાલિની ભારતની પહેલી મહિલા બ્લેડ રનર બની. તેણે ચીનના હોંગ્જોમાં એશિયાઈ પેરા ગેમ્સ-૨૦૨૩ માં દેશનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તે ટી-૬૨ કેટેગરીમાં બ્લેડ પર સૌથી ઝડપથી દોડનાર મહિલાનો એશિયાઈ રેકોર્ડ ધરાવે છે. ઉપરાંત શાલિની રાષ્ટ્રિય સ્તરની એથ્લિટ, મેરેથોન રનર, મોટિવેશનલ સ્પીકર અને એક કંપનીમાં સ્ટેટર્જી એન્ડ ઈમ્પ્લિમિટેશન હેડ પણ છે. ભારતમાં વિકલાંગ લોકોની સ્થિતિ અંગે જણાવતા શાલિની સરસ્વતી કહે છે કે, "સમાજમાં આજે પણ વિકલાંગોનો સહજ રીતે સ્વીકાર કરવામાં આવતો નથી. દરેક જગ્યાએ વિકલાંગ લોકોને નજરઅંદાજ કરવામાં આવે છે. જયાં સુધી બધાને એક સમાન માનવામાં નહીં આવે, ત્યાં સુધી સમાજમાં સાચું પરિવર્તન નહીં આવે. વિકલાંગ વ્યકિતઓ માટે સરકાર તરફથી અનેક યોજનાઓ બનાવવામાં આવી છે. તેમ છતાં તેનો અમલ હજુ યોગ્ય પ્રમાણમાં થઈ રહ્યો નથી. પરિણામે વિકલાંગ લોકો, સમાજ માટે કલંક હોય એ રીતે તેમને ટીટ કરવામાં આવે છે." **- સૌજન્ય : સંદેશ**

# ૧ થી ૩૦ જૂન ૨૦૨૫ સુધીના દાતાઓની યાદી

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Nitinchandra Rameshchandra Desai - Bhavnagar | 5,000 |
| Shri Pratibhaben Girishbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Hetal Bakulesh Shah - Mumbai | 7,500 |
| Shri Harsha Sheth - Mumbai | 7,500 |
| Well Wisher - Bhavnagar | 1,100 |
| Shri Mukesh Mahendraprasad Oza - Mumbai | 50,000 |
| Shri Rubina Ashifbhai Vindhani - Bhavnagar | 1,00,000 |
| Shri Uday Kishorbhai Amin - Vadodara | 51,000 |
| Shri Rameshchandra Hiralal Shah - Mumbai | 2,500 |
| Shri Ghatkopar Education Society - Mumbai | 2,50,000 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 5,000 |
| Shri Parth Yuva Mandal - Bhavnagar | 4,000 |
| Shri Deepak Kumar Ganjiwale - Anand | 5,000 |
| Shri Hetal Bakulesh Shah - Mumbai | 1,000 |
| Shri Harsha Sheth - Mumbai | 1,000 |
| Shri Mitali Nailesh Shah - Mumbai | 4,50,000 |
| Shri Harshvadan Jagdishchandra Jani - Surendranagar | 3,000 |

### FCRA

| | $ |
|---|---|
| Surgical Eye Care (See International) Grant | 1,509.85 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Shri Parikh Foundation - Mumbai | 25,000 |
| Shri S And S Export - Mumbai | 7,000 |
| Shri Dineshbhai Champaklal Bhavsar - Ahmedabad | 1,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Pankaj D. Ranpura - Ankleshwar | 1,001 |
| Shri Mukesh Oza - Mumbai | 50,000 |
| Late Maheshbhai Jayantilal Shah - Bhavnagar | 1,001 |
| M/S. LPC Securities P. Ltd. - Mumbai | 10,000 |
| M/S. LPC Securities P. Ltd. - Mumbai | 4,000 |
| M/S. LPC Securities P. Ltd. - Mumbai | 1,000 |
| Shri Neelam Chandrakant Mehta - Mumbai | 10,000 |
| Shri Neelam Chandrakant Mehta - Mumbai | 10,000 |
| Shri Mahuva Refinery - Bhavnagar | 1,000 |
| Shri Pravinchandr Manilal Shah - Mumbai | 10,000 |
| Shri Mitakshiba Sodha - Kutch | 6,600 |
| Dr. Shri Niyatiben M. Trivedi - Bhavnagar | 5,100 |
| Late Jyotiben Ratilal Baxi - Bhavnagar | 1,11,000 |
| Shri Karush Jainindra Jain - Bhavnagar | 6,100 |
| Shri Janviba Gohil - Bhavnagar | 3,000 |
| Shri Chirag Jitendrabhai Shah - Bhavnagar | 6,000 |
| Shri Bakulaben B. Mehta - Bhavnagar | 3,000 |
| Shri Manojbhai - Bhavnagar | 4,000 |
| Shri Riddhi Vaibhav Muni - Bhavnagar | 12,000 |
| Shri Bhavnagar Kutch Samaj - Bhavnagar | 11,000 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

| | Rs. |
|---|---|
| Shri Tarla Rajnikant Gandhi - Mumbai | 5,00,000 |
| Shri Shirishkumar Prahladbhai Patel - Ahmedabad | 2,00,000 |
| Late Jyotiben Ratilal Baxi - Bhavnagar | 1,11,000 |
| Shri Bhartiben Suryakant Shah - Vadodara | 31,000 |
| Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 25,000 |
| Haridaya Charitable Trust - Mmumbai | 25,000 |
| Shri Arvind Hakamchand Shah - Mmumbai | 25,000 |
| Shri Nayana Ramesh Patel - Surat | 22,000 |
| Shri Vatsal Ashvinbhai Maniyar - Bhavnagar | 22,000 |
| Shri Devanshi Ashvinbhai Maniyar - Bhavnagar | 22,000 |
| Senior Citizen Walefare Association - Surat | 20,911 |
| Shri Hemaben Prakashkumar Bhatt - Botad | 15,000 |
| Shri Bhavnaben Vasant Pasad - Mumbai | 11,406 |
| Shri Kiran Bhaskarlal Avashia - Rajkot | 11,000 |
| Shri Jitendra Babubhai Sanghavi - Mumbai | 11,000 |
| Shri Parulben K. Bhatt - Bhavnagar | 11,000 |
| Shri Mukesh Keshavlal Shah - Mumbai | 5,000 |
| Shri Deven Parikh - Mumbai | 5,000 |
| Shri Radhika Bhalabhai Parmar - Bhavnagar | 2,700 |
| Shri Vikalp Prakash Vasa - Mumbai | 1,901 |
| Shri Rima Avinashbhai Tailor - Surat | 1,901 |
| Shri Neha Rakeshbhai Pandya - Bhavnagar | 1,901 |
| Shri Tulsibhai Harjibhai Vala - Ahmedabad | 1,901 |
| Shri Hema Desai - Mumbai | 1,901 |
| Shri Falguni Sheth - Mumbai | 1,901 |
| Shri Ajay Durlabhbhai Trivedi - Ahmedabad | 1,901 |
| Shri Shiraz Sadruddin Lalani - Mumbai | 1,901 |
| Shri Jayantkumar Prabhudas Mehta - Mumbai | 1,901 |
| Shri Rajesh M. Sanghavi - Mumbai | 1,901 |
| Shri Dineshbhai Champaklal Bhavsar - Ahmedabad | 1,000 |
| Shri Artiben S. Shah - Bhavnagar | 1,000 |

# સી.પી., બહુવિધ દિવ્યાંગતા, ઈન્ટેલેક્ચ્યુઅલ (ID), ઓટિઝમ અને ન્યુરોલોજીકલ ડિસોર્ડર ધરાવતા દિવ્યાંગો માટે મેગા અસેસમેન્ટ કેમ્પ –૨૦૨૫

















# PNR સોસાયટી તસ્વીર સમાચાર




અંકુર સંસ્થાની મુલાકાતે કલેકટરશ્રી...




સ્વ. ગિરીશભાઈ શાહની પુણ્યતિથિ નિમિત્તે વિનામૂલ્યે મોતિયાનો કેમ્પ



સ્વ. ખુશેન્દ્રભાઈ દેસાઈને શ્રધ્ધાંજલિ...



'મેગા કેમ્પમાં ઉપસ્થિત ટ્રસ્ટીશ્રીઓ...



સી.પી. સ્કૂલ ટિચર્સ ટ્રેનિંગ પ્રોગ્રામ...



'યોગ દિવસ'ની ઉજવણીમાં સી.પી. બાળકો સાથે
કેન્દ્રિય મંત્રી શ્રી નિમુબેન બાંભણિયા...



સી.પી. હોસ્ટેલના બાળકોને અલ્પાહાર...



સી.પી. હોસ્ટેલના બાળકોને ભોજન...

Koshish thi Kamyabi ◆ R.N.I. No. GUJGUJ/2013/48176 ◆ Postal Reg. L2/36/RNP/BVR-414/2025-27 ◆ Monthly
Date of Publication : 15 July - 25 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 20




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com